# કતારગામ અને કાપોદ્રા પોલીસ સ્ટેશન હદ વિસ્તારના ત્રણ અનડીટેકટ મર્ડર તથા અમરોલી પોલીસ સ્ટેશન હદ વિસ્તારના સૃષ્ટી વિરૂદ્ધના કૃત્ય અંગેના અનડીટેકટ ગુન્હાઓનો ભેદ ઉકેલી આરોપીઓને ઝબ્બે કરતી સુરત શહેર, અમરોલી પોલીસ:-

અમરોલી પો.સ્ટે. I ગુ.ર.નં.૧૭/૨૦૧૮ ઇ.પી.કો.કલમ- ૩૬૩, ૩૭૭, ૩૯૨, ૩૯૪, ૧૧૪ જી.પી.એકટ- ૧૩૫ તથા પોકસો એકટ કલમ- ૪, ૬, ૧૭ મુજબના ગુન્હાના કામે ગઇ તા.૧૪/૦૧/૨૦૧૮ ના રોજ દાખલ થયેલ છે. આ કામના ફરીયાદી નરેશભાઇ ચકલુભોલા નાઇ, ઉ.વ.૧૬ નાઓ સાંજના ચારેક વાગ્યાના અરસામાં રચના સર્કલ ખાતે જવા સારૂ પોતાના ઘરેથી નીકળી સહારા દરવાજા ખાતે આવેલ અને એક રીક્ષા ઉભી રાખેલ તેમાં અગાઉથી બે ઇસમો પાછળ બેસેલ હોય તે રીક્ષામાં બેસતા પાછળ બેસેલ ઇસમે ફરીયાદીને ચપ્પુ બતાવી સહારા દરવાજાથી મોટા વરાછા ખાતે આવેલ મહારાજા ફાર્મ પાછળ આવેલ અવાવરૂ જગ્યામાં લઇ આવી ફરીયાદી નાઓને ત્રણેય ઇસમોએ ઢીક મુક્કીનો માર મારી ફરીયાદીના કપડા કાઢી તે જ કપડાથી તેના હાથ પગ બાંધી તેની સાથે સૃષ્ટિ વિરૂદ્ધનુ કૃત્ય કરી તેની પાસેનો મોબાઇલ ફોન તથા પાકીટ લઇ નાસી જઇ ગુન્હો કરેલ હોય, જે ગુન્હા સંદર્ભે અમોએ સદર ગુન્હો ગંભીર પ્રકારનો હોય જે ગુન્હાના કામે આરોપીઓ બાબતે ચોક્કસ દિશામાં તપાસ કરી અનડીટેકટ ગુન્હો શોધી કાઢવા સારૂ જરૂરી સુચના આપેલ. જે સબબ સંયુક્ત પોલીસ કમિશનરશ્રી, સેકટર-૧ તથા નાયબ પોલીસ કમિશનરશ્રી ઝોન-૩ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી "ડી" ડીવીઝન નાઓના સીધા માર્ગદર્શન હેઠળ પોલીસ ઇન્સ્પેકટરશ્રી જી.એ.પટેલ નાઓએ અમરોલી પો.સ્ટે.ના પોલીસ માણસોને જરૂરી સુચનાઓ આપેલ. જે દરમ્યાન અમરોલી પો.સ્ટેમાં ફરજ બજાવતા **અ.પો.કો. હિમાંશુ બાવકુભાઇ તથા અ.પો.કો. કિરણસિંહ ગંભીરસિંહ** નાઓએ તેમના અંગત અને વિશ્વાસુ બાતમીદારોથી મળેલ હકિકત આધારે ઉપરોકત ગુન્હામાં સંડોવાયેલ આરોપીઓ (૧) અજય ઉર્ફે ડાહ્યો ઉર્ફે ડબ્બી ડાહ્યાભાઇ જાદવ ઉ.વ.૨૧, રહે.૭૩, તાપીનગર-૨, કિર્તીનગરની પાછળ, ઉત્રાણ સુરત. મુળગામ- ખોખણીયા તા.રાણપુર જી.બોટાદ તથા (૨) રવિ ભીખુભાઇ નાયકા ઉ.વ.૧૮ રહે.ઉત્રાણ રામપાટ હળપતિવાસ, સુરત. મુળગામ- સુરત નાઓને ઉત્રાણ ગાર્ડન પાસે રોડ ઉપરથી ઝડપી પાડી ગુન્હા સંદર્ભમાં પુછપરછ કરતા ઉપરોકત બંને આરોપીઓએ નીચે મુજબની કબુલાતો કરેલ છે. જે અનુક્રમે.....

(૧) આજથી આશરે સાતેક મહિના પહેલા ઉત્તરાયણના તહેવારના દિવસે ઉપરોકત બંને આરોપી તથા બીજા એક કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર સાથે મળી બચતની ઓટો રીક્ષામાં બપોરના સમયે સહારા દરવાજા ચામુંડા હોટલ પાસેથી ભોગ બનનાર ફરીયાદીને ઓટો રીક્ષામાં પેસેન્જર તરીકે બેસાડી રસ્તામાં ચપ્પુ બતાવી ધાક ધમકી આપી સાંજના સમયે મોટા વરાછા મહારાજા ફાર્મની પાછળ ખુલ્લી ઝાડી ઝાંખડ વાળી અવાવરૂ જગ્યાએ લઇ જઇ ભોગ બનનાર ફરીયાદીના કપડા કાઢી તે જ કપડાથી તેના હાથ પગ બાંધી તેની સાથે સૃષ્ટિ વિરૂદ્ધનુ કૃત્ય કરી તેની પાસેનો મોબાઇલ ફોન તથા પાકીટ લઇ નાસી ગયેલાની કબુલાત કરતા સદર બનાવ સંબંધે અમરોલી પો.સ્ટે. I ગુ.ર.નં.૧૭/૨૦૧૮ ઇ.પી.કો.કલમ- ૩૬૩, ૩૭૭, ૩૯૨, ૩૯૪, ૧૧૪ જી.પી.એકટ- ૧૩૫ તથા પોકસો એકટ કલમ- ૪, ૬, ૧૭ મુજબનો અનડીટેકટ ગુન્હો શોધી કાઢવામાં આવેલ છે.

(૨) આજથી આશરે એકાદ વર્ષ પહેલા ઉપરોક્ત બંન્ને આરોપીઓ અમરોલી રેલ્વે પુલના નીચે નદીમાં મચ્છી પકડવા માટે ગયેલ તે વખતે એક ભીખારી જેવા માણસને પકડી તેના કપડા કાઢી તેની સાથે સૃષ્ટિ વિરૂદ્ધનુ કૃત્ય કરતા તે બુમાબુમ કરતો હોવાથી આરોપી અજયે તેની પાસેના ચપ્પુ વડે ગળાના ભાગે ફેરવી દિધેલ તેમજ નજીકમાં પડેલ પથ્થર ઉચકીને માથામાં મારી તેનુ મોત નીપજાવી ત્યાંથી બંન્ને જણા ભાગી ગયેલ હોવાની હકિકત જણાવતા સદર બનાવ સંબંધે કતારગામ પો.સ્ટે.માં I ગુ.ર.નં.૧૦૨/૨૦૧૭ ઇપીકો કલમ

૩૦૨ જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબનો ગુન્હો તા.૨૧/૦૫/૨૦૧૭ ના રોજ નોંધાયેલ છે. જે અનડીટેકટ ગુન્હો શોધી કાઢવામાં આવેલ છે.

(૩) આજથી આશરે સાડા પાંચેક મહિના પહેલા આરોપી અજયની માનીતી બહેનની એક ઇસમ છેડતી કરતો હોવાથી તેને મારવાના ઇરાદે ઉપરોકત અટક કરેલ બંને આરોપીઓ કાપોદ્રા રીક્ષા સ્ટેન્ડ ઉપરથી મરનારને પોતાની પાસેની બચતની રીક્ષામાં બેસાડીને કાપોદ્રા ધારૂકાવાળા કોલેજની બાજુમાં નદી કિનારે જવાના રસ્તેથી નદી કિનારે લઇ ગયેલ જયાં તેની સાથે મારા મારી ઝઘડો કરી, પરત રીક્ષા પાસે લાવતા સદર ઇસમ ગાળા ગાળી કરવા લાગતા તે ઇસમને બંને જણા કચરો નાંખવાની ખુલ્લી અવાવરૂ જગ્યામાં ખેચી લઇ જઇ તેને માર મારી, તેના કપડા કાઢી, તેની સાથે સૃષ્ટી વિરૂદ્ધનુ કૃત્ય કરવાની કોશીષ કરેલ જે ઇસમ બુમાબુમ કરવા લાગતા અજયે તેની પાસેના ચપ્પુ વડે તે ઇસમના ગળાના ભાગે ફેરવી દઇ તેમજ તેના ખીસ્સામાંથી મોબાઇલ ફોન કાઢી નાસી ગયેલાની હકિકત જણાવતા જે બનાવ સંબંધે કાપોદ્રા પો.સ્ટે. I ગુ.ર.નં.૪૩/૨૦૧૮ ઇપીકો કલમ ૩૦૨ મુજબનો ગુન્હો તા.૦૪/૦૨/૨૦૧૮ ના રોજ નોંધાયેલ છે. જે અનડીટેકટ ગુન્હો શોધી કાઢવામાં આવેલ છે.

(૪) આજથી આશરે દોઢેક મહિના પહેલા આરોપી અજય તથા રવિ બંને જણા પોતાની પાસેની બચતની રીક્ષા લઇ કતારગામ ગાર્ડન માં ફરવા માટે ગયેલા તે વખતે સાંજના સમયે કતારગામ ગજેરા સર્કલ પાસેથી પોતાની રીક્ષામાં પેસેન્જરો બેસાડેલ અને રસ્તામાં પેસેન્જરને ઉતારી એક પેસેન્જરે રીક્ષા એ.કે.રોડ નાના બાળકોની સ્મશાન ભુમી તરફ જવાના રસ્તા ઉપર રીક્ષા ઉભી રખાવી રેલ્વે પાટા તરફ જવા લાગતા તે માણસની પાછળ પાછળ બંને આરોપીઓ ગયેલા અને પાળા ઉપરથી ઝાડી ઝાંખર વાળી ખુલ્લી જગ્યા તરફ ધક્કો મારી નીચે પાડી દઇ અંદરના ભાગે ખેંચીને લઇ જઇ બંને આરોપીઓએ તેની સાથે સૃષ્ટી વિરૂદ્ધનુ કૃત્ય કરી અજયે પોતાની પાસેના ચપ્પુ તે ઇસમના ગળાના ભાગે ફેરવી દઇ તેમજ નજીકમાં પડેલ પથ્થર માથાના ભાગે મારી મોત નીપજાવેલ હોવાની હકિકત જણાવેલ જે બનાવ સંબંધી કતારગામ પો.સ્ટે. I ૧૫૦/૨૦૧૮ ઇપીકો કલમ ૩૦૨ તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબનો ગુન્હો નોંધાયેલ છે. જે અનડીટેકટ ગુન્હો શોધી કાઢવામાં આવેલ છે.

સદરહું આરોપીઓ પૈકી અજય જાદવ છેલ્લા બે અઢી વર્ષથી બચતની ઓટો રીક્ષા ચલાવે છે. જે આજથી આશરે બે વર્ષ પહેલા કાપોદ્રા રીક્ષા સ્ટેન્ડ પાસે કિન્નરોની સાથે મિત્રતા થતા ત્યારથી કિન્નરોની સાથે રીક્ષામાં ફરતો હતો અને તે દરમ્યાન બે કિન્નરોની સાથે પ્રેમ સંબંધ પણ થયેલ છે. ત્યારથી અજયનુ  સ્ત્રીઓ કરતા પુરૂષો તરફ આકર્ષણ વધારે પડતુ હોવાથી અવાર નવાર પુરૂષો સાથે સંબંધ બાંધવાના વિકૃત વિચારો આવતા હોવાથી તેના નાનપણના મિત્ર રવિ નાયકા સાથે મળી ઉપરોકત મુજબના ગુન્હાઓ આચરેલ છે અને તેઓના ખીસ્સામાંથી મોબાઇલ ફોનો તથા રોકડા રૂપીયાઓ કાઢી લેતા હોવાનુ તેમજ પોતે પકડાય નહી જાય તે હેતુસર પ્રથમ ચપ્પુ વડે ગળુ કાપી ત્યારબાદ પથ્થર વડે માથાના ભાગે મારી મોત નિપજાવી દેતા હતા.

આમ સુરત શહેર પોલીસને ખુબ જ ચર્ચાસ્પદ અને ગંભીર પ્રકારના ગુન્હાઓ શોધી કાઢવામાં સફળતા મળેલ છે.

ઉપરોકત કામગીરી પોલીસ ઇન્સ્પેકટર જી.એ.પટેલ, પો.સ.ઇ. પી.એમ.વાળા, અ.હે.કો.અનિલ ભીમરાવ, પો.કો. હિમાંશુ બાવકુભાઇ, પો.કો.કિરણસિંહ ગંભીરસિંહ, પો.કો.જનકભાઇ બાલુભાઇ નાઓએ ટીમવર્કથી કરેલ છે.